**અમદાવાદના મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૭ માં, મુ. અમદાવાદ.**

ફોજદારી કેસ નં. ૧૦૫૪૦૬/૨૦૨૩

શ્રી સરકાર .......... ફરીયાદી

**વિરૂધ્ધ**

આરોપીઓ :– વિજય સ/ઓ શ્રીચંદ માખીજા .......... આરોપી

**આરોપ :–** <u>જુગાર ધારા કલમ – ૧૨(અ) મુજબ</u>

**:: <u>ઠ રા વ</u> ::**

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપી ક્રિકેટનો સટ્ટો રમી રમાડતા રેઈડ દરમ્યાન મળી આવી જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થીત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની ગુના સબબ પ્લી નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે તથા આરોપીએ મુદ્દામાલ બાબતે નો–કલેઈમ પુરસીસ પણ રજુ કરેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનું છું, પરંતુ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ''સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર'' ૨૦૦૫(૧) જી. એલ. આર. પાના નં.૭૦૯ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતા, આ કામમાં આરોપીઓને હાલના ગુના સબબની કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીની સામેના ગુનાને લક્ષમાં લેતા સામાન્ય કુટુંબના વાતાવરણમાંથી આવતા હોય, આવા પ્રકારના સંજોગોમાં તેઓની રજુઆતો લક્ષમાં લેતા આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચેનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

**(૧)** આ કામના આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ મુજબ જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૩૦૦/–(અંકે રૂપિયા ત્રણસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો આરોપીને દિવસ–૦૬(છ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** કબ્જે કરેલ વેલ્યુએબલ મુદ્દામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે. અને જો વેલ્યુએબલ મુદ્દામાલ બાબતે કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો અપીલ સમય વિત્યા બાદ સદર મુદ્દામાલ બાબતે યોગ્ય ઈન્કવાયરી કરી તેના માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. જયારે મુદ્દામાલ રોકડ નાણાં સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

**(૩)** હુકમ મુજબ લગત પોલીસ સટેશન તેમજ નાઝરશ્રી/આસીસ્ટન્ટ સુપ્રિન્ટેન્ડન્ટને યાદી કરવી.

હુકમ આજરોજ તા.૨૨ મી જુન, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૨/૦૬/૨૦૨૪.
**<u>સ્પેશીયલ સીટીંગ</u>**

(દિપક જેઠાભાઈ પરમાર)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૭, અમદાવાદ.
**UID - GJ00879**

KGHOTWANI23/8-1/73